
सत्यमेव जयते

ભારત સરકારના
વડાપ્રધાનની આર્થિક
સલાહકાર કાઉન્સિલ

# ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થા

# ડ્રાફ્ટ પોલિસી ફ્રેમવર્ક



1 માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દરિયાઈ અર્થવ્યવસ્થા પર ભાર મૂકવાના અનુસંધાનમાં, વડાપ્રધાનની આર્થિક સલાહકાર કાઉન્સિલ (ઇએસી-પીએમ)એ, દરિયાઈ અર્થવ્યવસ્થામાં નીતિ અભિગમ વિકસાવવા માટે પહેલ કરી છે. લાગતા વળગતા ઘણા મંત્રાલયો વચ્ચે તાલમેલનો અભાવ જોતાં, આ ક્ષેત્રમાં કાર્યરત વિભાગો અને એજન્સીઓને, સમસ્યાઓના નિવારણ માટે એકીકૃત અને સંકલિત પ્રયત્નો કરવાનીની તાત્કાલિક જરૂર છે કારણ કે તેની મોટા પાયે-આર્થિક અસરો છે.

2 ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થા માટે આ નીતિ પ્રસ્તાવિત કરવી એ મારા અહોભાગ્ય છે. આને સંબંધિત મંત્રાલયો, બુદ્ધિશાળી વિચારકો અને નિષ્ણાતો સાથે અનેક મંત્રણા કર્યા પછી ઘડવામાં આવી છે. આ પ્રસ્તાવના ભારત સરકાર અપનાવી શકે તેવી વ્યુહરચના અને વિઝન બંને દર્શાવે છે. આ કવાયત લોકો માટે સુદ્રઢ રીતે સારી આર્થિક ભાવિ સુરક્ષિત કરવા માટે દરિયાઇ સંસાધનોનો ઉપયોગ કરવા માટેનો પાયો બની શકે છે.

3 હું દરિયાઈ અર્થવ્યવસ્થાની પહેલ અંતર્ગત સાત કાર્યકારી જૂથોના અધ્યક્ષો, કન્વીનરો, સભ્યો અને સંકળાયેલા યુવા કર્મચારીઓનો તેમના પ્રયત્નો બદલ આભાર માનું છું. તેમનો ટેકો ખૂબ જ નોંધપાત્ર રહ્યો છે. તેઓએ દરિયાઈ અર્થવ્યવસ્થાના જુદા જુદા પરિમાણોમાં હિસ્સો લેતાં વિવિધ વ્યાપક રિપોર્ટની શ્રેણીમાં ફાળો આપ્યો છે. દરેક રિપોર્ટમાં વર્તમાન હોય અને નજીકના ભવિષ્યના પડકારોને ઓળખવામાં આવે છે અને દરેક ક્ષેત્રમાં વિશાળ સંભવિત અને તકો મેળવવા માટે મજબૂત ભલામણોની યાદી બનાવવામાં આવે છે. મુખ્ય કન્વીંગ અધિકારી તરીકે ડો. સુમિતા મિશ્રા, વરિષ્ઠ સલાહકાર, ઇએસી-પીએમના યોગદાનની પણ હું પ્રશંસા કરું છું, જેમણે આ જટિલ અભ્યાસ પૂર્ણ કરવાની જવાબદારી લઈ અને દિશાસૂચન કર્યુ અને સમાપન કર્યુ છે. હું ચર્ચા-વિચારણા દરમિયાન સ્ટીઅરિંગ કમિટીના સભ્યોનો સક્રિય ભાગ લેવા બદલ આભાર પણ વ્યક્ત કરું છું.

4 હું આશા રાખું છું કે આ દસ્તાવેજ ભારત સરકારની દરિયાઇ અર્થવ્યવસ્થાની પહેલ માટે અર્થપૂર્ણ યોગદાન આપશે.

રતન પી. વટલ
સભ્ય સચિવ
ઇએસી-પીએમ

## United Nations Sustainable Development Goal 14

**"Conserve and sustainably use the oceans seas and marine resources for sustainable development"**




**"To me the Blue Chakra or wheel in India's national flag represents the potential of Blue Revolution or the Ocean Economy. That is how central the ocean economy is to us".**

**- Shri Narendra Modi**
**Prime Minister of India**



INDIA & ITS TERRITORIAL WATERS




Source : Ministry of Earth Sciences, 2019

# 1. ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થાનું વિઝન

1.1 દરિયાઇ અર્થવ્યવસ્થાની આર્થિક ફિલોસોફી પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર યુનિવર્સિટી (યુએનયુ) ખાતે પ્રોફેસર ગંટર પાઉલી દ્વારા, ગ્લોબલ વોર્મિંગ દ્વારા ઉભા થતાં જોખમો સાથે, ભવિષ્યના વિકાસ અને સમૃદ્ધિની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવા માટે 1994 માં રજૂ કરવામાં આવી હતી. આ સંકલ્પના "કોઈ કચરો નહિ, કોઈ ઉત્સર્જન નહિ"ના ઇજનેરી સંકલ્પ સહિત, વિકાસના વધુ સતત મોડેલોના વિકાસ પર આધારિત છે. દરિયાઇ અર્થવ્યવસ્થાનું વધુ મહત્વ રિયો+20 થર્ડ અર્થ સમિટ કોન્ફરન્સ 2012 પછી માનવામાં આવ્યુ હતું. કોન્ફરન્સમાં દરિયાઇ અર્થવ્યવસ્થાને સમાવવા માટે હરિયાળી અર્થવ્યવસ્થાની કલ્પનાને વિસ્તૃત કરવા પર *આંતરિક ધ્યાન* કેન્દ્રિત કરવામાં આવ્યુ હતું. યુનાઇટેડ નેશન્સના સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ 14એ વૈશ્વિક શાસન અને સમુદ્ર સંસાધનોના ઉપયોગ માટેના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે “સતત વિકાસ માટે મહાસાગરો, સમુદ્ર અને દરિયાઇ સંસાધનોનું સંરક્ષણ અને સુચારું ઉપયોગ કરો"ની જાણ કરી ત્યારે આ ખ્યાલને પ્રોત્સાહન મળ્યુ હતું. કેટલાક સભ્ય રાષ્ટ્રોએ હવે દરિયાઇ અર્થવ્યવસ્થાની પોતાની વ્યાખ્યાઓ અને દાખલાઓ વિકસિત કર્યા છે. હાલના રોગચાળા પહેલાં ઓઈસીડીએ વૈશ્વિક, દરિયાઇ અર્થવ્યવસ્થાને બાકીની વિશ્વની અર્થવ્યવસ્થાના બમણા દરે વૃદ્ધિ થવાની ધારણા કરી હતી. તે નોંધવું આવશ્યક છે કે દરિયાઇ અર્થવ્યવસ્થાની મુલ્યવર્ધકતામાં દરિયાકાંઠાના ઉત્પાદન અને સેવાઓ, વેપાર, વહાણ, ઑફ શોર અને દરિયાકાંઠાની ઊર્જા, ઊંડુ દરિયાઇ ખનીજ, માછીમારી અને મત્સ્યઉછેર અને દરિયાઇ સંબંધિત ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

1.2 દરિયાઇ અર્થવ્યવસ્થાને ઉપયોગમાં લેવા વિશ્વવ્યાપી વિવિધ રાષ્ટ્રીય અને વૈશ્વિક પહેલ કરવામાં આવી રહી છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, યુકે, યુએસ, રશિયા અને નોર્વે જેવા દેશોએ માપી શકાય તેવા પરિણામો અને બજેટરી જોગવાઈઓ સાથે સમર્પિત રાષ્ટ્રીય સમુદ્ર નીતિઓ વિકસાવી છે. દરિયાઇ અર્થવ્યવસ્થાના લક્ષ્યોની પ્રગતિ અને દેખરેખની ખાતરી કરવા કેનેડા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોએ કાયદો ઘડ્યો છે અને સંઘીય અને રાજ્ય સ્તરે અધિક્રમિક સંસ્થાઓની સ્થાપના કરી છે.

1.3 ભારતે છેક 1981 માં મહાસાગર વિકાસ વિભાગ બનાવી પહેલ કરી હતી, જે હવે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (એમઓઇએસ) છે. ત્રણ દાયકાથી વધુના અનુભવના આધારે, ભારત નવા કાર્યક્રમો ભારતીય દરિયાકાંઠે લોન્ચ કરે છે જેમકે “ડીપ ઓશન મિશન,” “અવકાશમાંથી સમુદ્રશાસ્ત્ર” અને “ડેટા બોયાનું લોન્ચિંગ”. આ પહેલ વૈજ્ઞાનિક વિશ્લેષણ માટે હવામાન સહિત વિવિધ સમુદ્રવિષયક સુવિધાઓનો ડેટા ટ્રાન્સમિટ કરવા ઉપગ્રહોને સક્ષમ બનાવે છે. એમઓઈએસ મહાસાગરોમાં કચરો / પ્લાસ્ટિકનો અંદાજ કાઢવા અને ઘટાડવા માટેની વ્યૂહરચના વિકસાવવા સંયુક્ત રાષ્ટ્રમાં "ક્લીન સીઝ પ્રોગ્રામ" માં જોડાયા છે, જે એસડીજી -14 નો પણ એક ભાગ છે. એમઓઇએસએ હિંદ મહાસાગરમાં ખનીજો (પ્લોયમેટાલિક નોડ્યુલ્સ અને હાઇડ્રોથર્મલ સલ્ફાઇડ)ના ઊંડા સમુદ્ર સંશોધન માટે આંતરરાષ્ટ્રીય સમુદ્રતલ (સીબેડ) ઓથોરિટી (આઇએસબીએ) સાથે બે કરાર પણ કર્યા છે. ભારતે આ ક્ષેત્રોમાં વિકાસના ફાયદાઓ મેળવવા માટે અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ બંને પ્રવૃત્તિઓ માટે સુદ્રઢ નીતિ વિકસાવવી જ જોઇએ.

1.4 ફેબ્રુઆરી 2019માં ઘડવામાં આવેલ ભારત સરકારનું 2030 સુધીમાં નવા ભારતના વિઝનમાં આર્થિક વિકાસના દસ મુખ્ય પરિમાણોમાંથી એક તરીકે દરિયાઇ અર્થવ્યવસ્થાને આગલું સ્થાન આપવામાં આવ્યું છે.

દરિયાઇ અર્થવ્યવસ્થાનો ઉલ્લેખ આ વિઝનના છઠ્ઠા પરિમાણ તરીકે કરવામાં આવ્યો હતો જેમાં દરિયાકાંઠાના રહેવાસીઓ જીવનમાં સુધારો લાવવા અને વિકાસ તથા રોજગારને વેગ આપવા માટે વિવિધ ક્ષેત્રોને એકીકૃત કરવાની સુસંગત નીતિની જરૂર પર ભાર મૂકાયો હતો. હાલમાં, 2020 માં વડા પ્રધાને તેમના 74 માં સ્વતંત્રતા દિવસના ભાષણમાં કહ્યુ કે સમકાલીન સંદર્ભમાં પાડોશી માત્ર તે જ નથી જેની સાથે આપણે ભૌતિક સરહદ ધરાવીએ છીએ પરંતુ તેઓ પણ છે જેની સાથે સંબંધોમાં સુમેળ છે. આપણી આસપાસમાં, હાલનો મુખ્ય ઉદ્દેશ્ય, ટાપુ સમુહોને પણ ભારતીય ભૂખંડોને સમાન તેજ બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓ મળી રહે તે માટે, ઓપ્ટિકલ ફાઇબર કેબલથી દરિયાઈ માર્ગો જોડવાનો છે. આ સંદર્ભમાં ભારતે એક મહત્વપૂર્ણ ઉભરતી આર્થિક અને વ્યૂહાત્મક અક્ષનો સ્વીકાર કરવો જોઇએ જે આફ્રિકાના પૂર્વ કિનારેથી પશ્ચિમ પેસેફિક મહાસાગર સુધી ફેલાયેલી છે, જેને સેશેલ્સ-સિંગાપોર-સમોઆ (એસએસએસ)અક્ષ કહી શકાય છે. આ અક્ષોએ ભારત માટે એક મજબૂત દરિયાઈ આર્થિક નીતિનો આધાર બનાવવો જોઇએ.

1.5 ભારતની દરિયાઇ સ્થિતિ અનોખી છે. તેનો 7517 લાંબો દરિયાકિનારો નવ દરિયાકિનારા વાળા રાજ્યો અને 1382 ટાપુઓનું ઘર છે. દેશમાં 12 મોટા બંદરો અને 187 નાના બંદરો છે જે દર વર્ષે 1400 મિલિયન ટન કાર્ગોનું સંચાલન કરે છે, કારણ કે ભારતનો 95% વેપાર સમુદ્ર દ્વારા સામાન પરિવહન દ્વારા થાય છે ભારતનો બે મિલિયન ચોરસ કિલોમીટરથી વધુ એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન જીવંત અને નિર્જીવ સંસાધનોથી સમૃદ્ધ છે અને ક્રુડ ઓઈલ અને પ્રાપ્ય પ્રાકૃતિક ગેસનો નોંધપાત્ર સ્રોત ધરાવે છે. દરિયાકાંઠાનું અર્થતંત્ર 4 લાખથી વધુ માછીમારો અને અન્ય દરિયાકાંઠાના રહેવાસીઓને પણ પોષે છે. આ વિશાળ સમુદ્રી હિતો સાથે, ભારતમાં દરિયાઇ અર્થવ્યવસ્થાનો દેશના આર્થિક વિકાસ સાથે મહત્વપૂર્ણ સંબંધ છે.

1.6 વર્તમાન વર્ષોમાં, દરિયાઇ ક્ષેત્રમાં સુદ્રઢ વિકાસ માટે ઘણી પહેલો થઈ છે. આ પહેલો ભારતના સમુદ્રી હિતો અને આપણી દરિયાઈ અર્થવ્યવસ્થાના વિકાસને મજબૂત બનાવવા માટે ઉત્પ્રેરક છે. કોવિડ-19 પછીના વૈશ્વિક પરિપેક્ષ્યમાં સમુદ્ર સંસાધનોના કાર્યક્ષમ અને સુચારું ઉપયોગ દ્વારા ભારત દરિયાઇ ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ નોંધાવશે તેવી સંભાવના છે.

1.7 ભારતે રોજગાર અને કુલ મૂલ્યના વધારાને ધ્યાનમાં રાખીને, સમુદ્ર સંસાધનોના કાર્યક્ષમ અને સુચારું વપરાશ માટે અને સમાજને લગતી ક્ષમતાઓ, ક્ષમતા અને કુશળતાને એકીકૃત અને પ્રોત્સાહિત કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ, સાથે સાથે પર્યાવરણની સુરક્ષા અને યુએન સતત વિકાસ લક્ષ્યો સાથે સુસંગતતા રાખવી જોઇએ.

1.8 ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થાના વિકાસ માટે પારદર્શક નીતિ માળખા પર આધારિત સ્પષ્ટ એજન્ડા ઘડવાની જરૂર છે. આ નીતિના માળખાનો ઉદ્દેશ રાષ્ટ્રીય સુરક્ષા લક્ષ્યો અને આંતરરાષ્ટ્રીય કટિબદ્ધતાઓ સાથે ભારતના વિકાસ એજન્ડાને સંરેખિત કરી આ નવા ક્ષેત્રમાં સુદ્રઢ અને સમાવિષ્ટ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપીને દેશના જીડીપીમાં વૃદ્ધિ કરવાનો રહેશે.

## 2. આગળનો માર્ગ - ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થા માટે ડ્રાફ્ટ પોલિસી ફ્રેમવર્ક

## પ્રસ્તાવના

2.1 ભારતની દરિયાઇ સ્થિતિ અનોખી છે તેનો 7517 લાંબો દરિયાકિનારો નવ દરિયાકિનારા વાળા રાજ્યો અને 1382 ટાપુઓનું ઘર છે. દેશમાં 12 મોટા બંદરો અને 187 નાના બંદરો છે જેણે 2019ના વર્ષમાં 633.87 મિલિયન ટન કાર્ગોનું સંચાલન કર્યું હતું. ભારતનો 95% વ્યપાર જથ્થાનું આવાગમન સમુદ્ર દ્વારા થાય છે. ભારતનો બાવીસ લાખ ચોરસ કિલોમીટરથી વધુ એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન જીવંત અને નિર્જીવ સંસાધનોથી સમૃદ્ધ છે અને ક્રુડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસના નોંધપાત્ર પ્રાપ્ય સ્રોત ધરાવે છે. જે દરિયાકાંઠાના ઉત્પાદન અને સેવાઓમાં, વેપારમાં, વહાણમાં, દરિયાઇ ખનીજ, માછીમારી અને મત્સ્યઉછેર અને દરિયાઇ સંબંધિત ટેકનોલોજીમાં સંભવિત મૂલ્યમાં વધારો કરી શકે છે દરિયાકાંઠાનું અર્થતંત્ર 40 લાખથી વધુ માછીમારો અને દરિયાકાંઠાના સમુદાયોની અન્ય નોંધપાત્ર વસ્તીને પણ પોષે છે.

2.2 ભારતના આ વિશાળ સમુદ્રી હિતો, આ કારણે, દેશના આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે મહત્વપૂર્ણ સંબંધ ધરાવે છે. ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થા રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો હિસ્સો છે જેમાં સમુદ્ર સંસાધનોની સંપૂર્ણ સિસ્ટમ અને દરિયાઇ માનવસર્જિત આર્થિક માળખુ, ભારતના કાયદાકીય અધિકારક્ષેત્રમાં દરિયાઇ અને કાંઠાના વિસ્તારોનો સમાવેશ થાય છે કે જે માલ અને સેવાઓના ઉત્પાદનમાં સહાય કરે છે અને તેના આર્થિક વિકાસ, પર્યાવરણીય સ્થિરતા અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે સ્પષ્ટ સંબંધો છે.

ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થાના ફાયદાઓ મેળવવા માટે, વિગતવાર પેટા-જૂથ અહેવાલોમાં આપેલા સમૃદ્ધ અભિપ્રાયોનું વિશ્લેષણ કર્યા પછી નીચે આપેલ નિતીકીય માળખું સૂચવવામાં આવ્યું છે.

### વૈશ્વિક સ્થિતિ

2.3 દરિયાઇ અર્થવ્યવસ્થાની આર્થિક ફિલોસોફી પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર યુનિવર્સિટી (યુએનયુ) ખાતે પ્રોફેસર ગંટર પાઉલી દ્વારા, ગ્લોબલ વોર્મિંગ દ્વારા ઉભા થતાં જોખમો સાથે, ભવિષ્યના વિકાસ અને સમૃદ્ધિની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવા માટે 1994 માં રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ, દરિયાઇ અર્થવ્યવસ્થાનું વધુ મહત્વ રિયો+20 ત્રીજી અર્થ સમિટ કોન્ફરન્સ 2012 પછી માનવામાં આવ્યુ હતું. આ સંમેલનમાં હરિયાળી અર્થવ્યવસ્થાની કલ્પનાને દરિયાઇ અર્થવ્યવસ્થામાં વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. યુનાઇટેડ નેશન્સના સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ 14એ વૈશ્વિક શાસન અને સમુદ્ર સંસાધનોના ઉપયોગ માટેના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે “સતત વિકાસ માટે મહાસાગરો, સમુદ્ર અને દરિયાઇ સંસાધનોનું સંરક્ષણ અને સુચારું ઉપયોગ કરો"ની જાણ કરી. કેટલાક સભ્ય રાષ્ટ્રોએ દરિયાઇ અર્થવ્યવસ્થાની પોતાની વ્યાખ્યાઓ અને વિચારધારાઓ વિકસિત કરી.

2.4 દરિયાઇ અર્થવ્યવસ્થાને ઉપયોગમાં લેવા વિશ્વવ્યાપી વિવિધ રાષ્ટ્રીય અને વૈશ્વિક પહેલ કરવામાં આવી રહી છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, યુકે, યુએસ, રશિયા અને નોર્વે જેવા દેશોએ માપી શકાય તેવા પરિણામો અને બજેટરી જોગવાઈઓ સાથે સમર્પિત રાષ્ટ્રીય સમુદ્ર નીતિઓ વિકસાવી છે. દરિયાઇ અર્થવ્યવસ્થાના લક્ષ્યોની પ્રગતિ અને દેખરેખની ખાતરી કરવા કેનેડા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોએ કાયદો ઘડ્યો છે અને સંઘીય અને રાજ્ય સ્તરે અધિક્રમિક સંસ્થાઓની સ્થાપના કરી છે.

2.5 ભારતે છેક 1981 માં મહાસાગર વિકાસ વિભાગ બનાવી પહેલ કરી હતી. ત્રણ દાયકાથી વધુના અનુભવના આધારે, ભારત નવા કાર્યક્રમો ભારતીય દરિયાકાંઠે લોન્ચ કરે છે જેમાં "ડીપ ઓશન મિશન," "અવકાશમાંથી સમુદ્રશાસ્ત્ર" અને "ડેટા બોયાનું લોન્ચિંગ" વગેરેનો સમાવેશ થાય છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (એમઓઈએસ)નામહાસાગરોમાં કચરા / પ્લાસ્ટિકનો અંદાજ કાઢવા અને ઘટાડવા માટેની વ્યૂહરચના વિકસાવવા સંયુક્ત રાષ્ટ્રના "ક્લીન સીઝ પ્રોગ્રામ" માં જોડાયા છે, જે એસડીજી -14 નો પણ એક ભાગ છે. ભારત પાસે હિંદ મહાસાગરના આંતરરાષ્ટ્રીય જળમાં 75000 ચોરસ કિલોમીટર વિસ્તારમાં સંશોધનનો અધિકાર અને 10000 ચોરસ કિલોમીટર વિસ્તારમાં પોલિમેટાલિક નોડ્યુલ્સ અને પોલિમેટાલિક સલ્ફાઇડ્સ માટે વિશિષ્ટ અધિકાર છે.

## દૂરદર્શિતા

2.6 ફેબ્રુઆરી 2019 માં ઘડવામાં આવેલ ભારત સરકારનું 2030 સુધીમાં નવા ભારતનું વિઝનમાં આર્થિક વિકાસના દસ મુખ્ય પરિમાણોમાંથી એક તરીકે દરિયાઇ અર્થવ્યવસ્થાને આગવું સ્થાન આપવામાં આવ્યું છે. સુસંગત નીતિની જરૂરિયાત પર ભાર મૂકતા આ વિઝનના છઠ્ઠા પરિમાણ તરીકે દરિયાઇ અર્થવ્યવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. દરિયાઇ અર્થવ્યવસ્થા પર અગાઉની ડ્રાફ્ટ નીતિ 2015 માં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (એમઓઈએસ) દ્વારા શરૂ કરવામાં આવી હતી, પરંતુ તેને ક્યારેય અંતિમ સ્વરૂપ નહોતું આપવામાં આવ્યું. પ્રસ્તુત નીતિના માળખાએ તે નીતિના પેપરમાં શામેલ કેટલાક વિચારોને ધ્યાનમાં રાખીને બનાવ્યા છે.

2.7 દરિયાઇ અર્થવ્યવસ્થાની સામાજિક-આર્થિક સંભવિતતાને પહોંચી વળવા માટે ભારતના અભિગમે આ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ: -

- દરિયાઈ અર્થવ્યવસ્થાની પ્રવૃત્તિઓનું યોગ્ય માપન અને રાષ્ટ્રીય આવકમાં તેમના યોગદાન માટેનું માળખું;
- મહાસાગરના સંસાધનોના વૈજ્ઞાનિક મૂલ્યાંકન અને તેમના - સુચારું ઉપયોગ સાથે નકશાકીય આયોજન
- દરિયાઈ અર્થવ્યવસ્થાની સુગમતા પહોંચી વળવા અને જીડીપી અને રોજગાર વૃદ્ધિને સમન્વય કરવા માટે નાણાકીય મૂડી, ભૌતિક મૂડી, કુદરતી મૂડી અને માનવ મૂડીમાં રોકાણ;
- દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોના કલ્યાણ, સલામતી અને આજીવિકાની ખાતરી કરવી
- શૂન્ય કચરો, ન્યૂનત્તમ કાર્બન ટેકનોલોજીની ખાતરી કરવા માટે નવીનતા જે મહત્તમ સમાજ માટે આર્થિક વળતર આપે છે,
- સમુદ્રી સુરક્ષા પગલાં અને સંતુલિત આંતરરાષ્ટ્રીય જોડાણો.

## શીર્ષક અને અમલ

2.8 આ ડ્રાફ્ટ નીતિને "ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થા માટે રાષ્ટ્રીય નીતિ - 2020" કહી શકાય છે. ભારત સરકારે આ ડ્રાફ્ટ નીતિમાં યોગ્ય લાગે તે પ્રમાણે તેનું મૂલ્યાંકન, વિશ્લેષણ, સમીક્ષા અને ફેરફાર કરવાં જોઈએ. આ પ્રકરણના હેતુ માટે, તેને "નીતિ" તરીકે ઓળખવામાં આવશે. નીતિના વહીવટ માટે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય મુખ્ય મંત્રાલય હશે

## ઉદ્દેશ્ય અને અભિગમ

2.9 જ્યારે મંજૂરી આપવામાં આવે ત્યારે અંતિમ નીતિ ભારતની દરિયાઇ અર્થવ્યવસ્થાને લગતી બાબતો માટેની પ્રાથમિક નીતિ અને નિર્ણયકર્તા દસ્તાવેજ હશે.

નીતિના આવશ્યક ઘટકો નીચેના વિષયોને તેની ધારણામાં આવરી લેશે.

## (A) દરિયાઇ અર્થવ્યવસ્થા માટે રાષ્ટ્રીય હિસાબી માળખું

2.10 દરિયાઇ અર્થવ્યવસ્થાથી સંબંધિત વિશ્વસનીય ડેટા ઉત્પન્ન કરવા અને એકત્રિત કરવા માટે એક નવી મજબૂત પદ્ધતિ વિકસિત કરવામાં આવશે. રચના, વૃદ્ધિ અને દિશા આકારણી માટે દરિયાઇ અર્થવ્યવસ્થાના વિશિષ્ટ ક્ષેત્રો પર સામયિક અભ્યાસ હાથ ધરવામાં આવશે.

2.11 દરિયાઇ અર્થવ્યવસ્થાને લગતા ક્ષેત્રો અને પેટા ક્ષેત્રોને ઓળખવા અને માપન માટેનું માળખું વિકસાવવા માટે એક નિષ્ણાત જૂથની રચના કરવામાં આવશે. આ માટે હાલના ઔદ્યોગિક વર્ગીકરણ નિતી નિયમો (પ્રોટોકોલ) અને મહત્તા (વેઇટેજ) સોંપણીની ફરીથી ચકાસણી કરવામાં આવશે. દરિયાઇ અર્થવ્યવસ્થા માપન અને સંચાલનને લગતી વૈજ્ઞાનિક સાધનો અને તકનીકી વિકસાવવા માટે અગ્રણી દેશો / સંસ્થાઓ સાથે વૈજ્ઞાનિક સહયોગ હાથ ધરવામાં આવશે.

## (B) પર્યાવરણીય સુદ્રઢ રાષ્ટ્રીય કોસ્ટલ મરીન સ્વાશિથિલ (સીએસએમબી) માળખું

2.12 ભારતના દરિયાકાંઠાના વિસ્તારોનું વૈજ્ઞાનિક અને સચોટ નકશાકરણ સંકલિત દરિયાઇ અને દરિયાઇ નકશાકીય યોજનાઓ તરફ દોરી જશે. ભારત યુનેસ્કો-આઇઓસી માર્ગદર્શિકાને અપનાવી અને સ્વીકારશે. આપણી રાષ્ટ્રીય અને સ્થાનિક જરૂરિયાતો માટે જરૂરી સુધારા સૂચવવા માટે નિષ્ણાત જૂથની રચના કરવામાં આવશે. આના માટે પૃથ્વી વૈજ્ઞાન અને પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલયો અને અન્ય સંબંધિત વિભાગો / સંસ્થાઓ વચ્ચે ગાઢ સંકલનની જરૂર રહેશે. સીએમએસપી ભારતના ટાપુ પ્રદેશો સહિત ભારતના ઇઇઝેડમાં દરિયાઇ અર્થવ્યવસ્થાના ભાવિ વિકાસ માટે અને ટાપુ વિસ્તારોમાં પર્યાવરણીય પર્યટનના આયોજનની દ્રષ્ટિએ અને બ્લુ ફ્લેગ બીચની સંખ્યા વધારવા માટેનો આધાર બનાવશે. સીએમએસપી વિશાળ વપરાશકર્તા એના ડેટાની ઉપલબ્ધતા પર આધારિત હોવાથી, ડેટા સુરક્ષા, પારદર્શિતા અને ઉપલબ્ધતાના હિતોને સંતુલિત કરીને એક નવી રાષ્ટ્રીય નકશા અને ડેટા નીતિ ઘડશે

2.13 ખાસ કરીને પ્લાસ્ટિક અને માઇક્રો-પ્લાસ્ટિકથી થતા દરિયાઇ પ્રદૂષણના વધતાં જોખમનું, પૃથ્વી વિજ્ઞાન અને શહેરી વિકાસ મંત્રાલયો, રાજ્ય અને સ્થાનિક સરકારો અને દરિયાકાંઠાના સમુદાયો માટે મજબૂત 'પ્લાસ્ટિક નાબૂદી અને રાષ્ટ્રીય મરીન લિટર નીતિ' દ્વારા નિવારણ કરવામાં આવશે. પર્યાવરણ અને જંગલો અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા સૂચિત રાષ્ટ્રીય કોસ્ટલ મિશનને દરિયાઇ અર્થવ્યવસ્થા પ્રવૃત્તિઓ સાથે એકીકૃત કરવામાં આવશે. વધુમાં સુદ્રઢ વિકાસ લક્ષ્યાંક (એસડીજી-14)નો અમલ દરિયાઇ અર્થવ્યવસ્થા નીતિનો ભાગ રહેશે.

## *(C) દરિયાઇ માછીમારી, ઉછેર અને પ્રોસેસીંગ વિકસિત કરવાનું વિઝન*

2.14 છેલ્લા પાંચ વર્ષમાં, મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાવી છે કિનારા તથા ઉછેર અને શેવાળ ઉછેર અને માછીમારીના સંચાલનમાં પર્યાવરણીય અભિગમ અપનાવીને ટકાઉ દરિયાઇ માછીમારીને પ્રોત્સાહન આપી દરિયાઈ ક્રાંતિનું વધુ વિસ્તરણ કરવામાં આવશે. ટેકનોલોજી, ટેલિ-કમ્યુનિકેશન, ડિજિટલ અને રિમોટ સેન્સિંગ એપ્લિકેશનોનો વ્યાપક ઉપયોગ મત્સ્યોદ્યોગ અને સમુદ્ર વ્યવસ્થાપનના તમામ પાસાઓમાં મુખ્યત્વે દર્શાવવામાં આવશે. આમ છતાં, આગામી વર્ષોમાં માછીમારી સંસાધનોના સુચારું ઉપયોગ માટે ભાર મૂકવામાં આવશે.

2.15 માછીમારોના જીવન અને આજીવિકાને છેવાડાની સંચાર કનેક્ટિવિટી, નાણાકીય સમાવિષ્ટ, લણણી પછીનું મેનેજમેન્ટ અને સુધરેલ માર્કેટિંગ દરમિયાનગીરીથી સુરક્ષિત અને વૃદ્ધિ કરવામાં આવશે. શેવાળના ઉત્પાદન જેવા મેરીકલ્ચરને વિસ્તૃત રાષ્ટ્રીય મેરીકલ્ચર નીતિની રજૂઆત કરીને પ્રોત્સાહન આપવામાં આવશે. મત્સ્યઉદ્યોગ સંસાધનોના નૉન-ફૂડ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે દરિયાઇ બાયો-ટેકનોલોજીની સંભાવનાનો ઉપયોગ કરવામાં આવશે. વેપારીકરણની અપાર સંભવિતતાને સાકાર કરવા માટે નવી તકનીકીઓના નિર્માણ માટે નૉન-ફૂડ ક્ષેત્ર પર કેન્દ્રિત રાષ્ટ્રીય કક્ષાની "મરીન બાયોટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ"ની સ્થાપના જલ્દી કરવામાં આવશે. જો આવશ્યક હશે તો, દરિયાઇ મત્સ્યોદ્યોગના વ્યાપક સંચાલન અને નિયમન માટે અને જળચર રોગોના સંચાલન અને સમુદ્રના આરોગ્ય માટે કાયદા સહિતના યોગ્ય પગલા લેવામાં આવશે.

## *(D) દરિયાઇ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલ ઘરેલું ઉત્પાદન, ઉભરતા ઉદ્યોગો, વેપાર, પર્યટન, ટેકનોલોજી, સેવાઓ અને કૌશલ્ય વિકાસને વધારવા માટે દૂરંદેશી*

2.16 સુધારેલ વાહનવ્યહવાર, માછીમારી, બોટ બાંધકામ અને દરિયાઇ અને ક્રુઝ પર્યટનવાળા બંદરો (ટાપુ પર્યટન અને વિકાસ સહિત)ના વિકાસ દ્વારા આર્થિક વિકાસ અને રોજગાર માટેની વિશાળ સંભાવના છે. આ બધાને યોગ્ય યોજનાકીય પહેલ દ્વારા અને ખાનગી ક્ષેત્રને નવી વ્યવસાયિક તકોમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરીને મોટા પાયે અને ગુણાત્મક વેગ આપવામાં આવશે. નવા અને ઉભરતા ક્ષેત્રો જેવા કે મરીન બાયોટેકનોલોજી, ઉંડા દરિયાઇ ઉત્ખનન અને સમુદ્ર ઉર્જાને પ્રોત્સાહન આપવામાં આવશે. તે મૂડી સઘન હોવાથી આ ઉભરતા ક્ષેત્રો માટે નવીન ધિરાણ અને વ્યવસાયિક મોડેલોની શોધ કરવામાં આવશે.

2.17 સંશોધન અને વિકાસ અને નવીનતા ભારત દ્વારા કાર્યક્ષમતા લાભ અને નેતૃત્વની ચાવી ધરાવે છે, જેના માટે વૈજ્ઞાનિક સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચે બંન્ને તરફી જોડાણો ધરાવતા સંશોધનો કેન્દ્રો દરિયાકાંઠાના રાજ્યોમાં બનાવવામાં આવશે. રોજગાર ઉત્પન્ન કરવા અને નિકાસ સંભવિત મહત્તમ બનાવવા માટે દરિયાઇ વેપાર અને દરિયાઇ ઉત્પાદનની કોશિશ કરવામાં આવશે, જેના માટે યોગ્ય કૌશલ્યોના વર્ગો અને અનુકૂળ નિયમનકારી શાસન બનાવવામાં આવશે. પર્યાવરણીય સંવેદનશીલ પર્યટક વિસ્તારોમાં પર્યાવરણીય પ્રભાવ આકારણી અભ્યાસ સમયાંતરે હાથ ધરવામાં આવશે જેથી પર્યાવરણની 'વહન ક્ષમતા' સુધી માળખાકીય વિકાસ અને પ્રવાસીઓને મર્યાદિત કરી શકાય.

## *(E) વાહનવ્યહવાર, માળખાકીય સુવિધાઓ અને વહાણવટાના વિકાસ માટે એકીકૃત યોજના*

## *(વહાણ બદલી સહિત)*

2.18 સાગરમાલા કાર્યક્રમમાં પહેલેથી કલ્પના મુજબ બંદરની આગેવાની હેઠળના વિકાસ માટે નબળા એવા મરીન ક્લસ્ટરોને ઉન્નત ધ્યાન અને ભંડોળ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત અંતર્ગત ર 30 વર્ષીય યોજના સાથે ભારતમાં શિપ બિલ્ડિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપી અને આધુનિક બનાવવામાં આવશે.

2.19 વાહનવ્યહવાર અને કનેક્ટિવિટીને વધારવા માટે એક સાકલ્યવાદી અભિગમ લેવામાં આવશે જેથી કરવેરા શાસનના સુમેળ સહિતના વ્યવસાય અને કાર્યક્ષમતામાં સરળતા વધારવામાં આવે. વાહનવ્યહવાર ખર્ચ ઘટાડવા માટે મલ્ટિ મોડલ નેટવર્ક અને ડિજિટલ ગ્રીડ માટે રાષ્ટ્રીય માસ્ટર પ્લાન શરૂ કરવામાં આવશે. દરિયાકાંઠા અને ટાપુ વિસ્તારો માટે ટેલિકમ્યુનિકેશન્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં આવશે. જટિલ અને વ્યૂહાત્મક દરિયાઇ ક્ષેત્રના સંકલિત આયોજન માટે રાષ્ટ્રીય દરિયાઇ નીતિ પણ ઘડવામાં આવશે.

## *(F) દરિયાઇ અને પેટાળનું ઉત્ખનન, નવી અને પુનઃપ્રાપ્ય યોગ્ય સામુદ્રિક ઊર્જા અને સંશોધન અને વિકાસ માટેનું ફ્રેમવર્ક*

2.20 સમુદ્રોમાં ***પુનઃપ્રાપ્ય*** ઉર્જા, હાઇડ્રોકાર્બન, કિંમતી ખનિજો અને ધાતુઓ પ્રદાન કરવાની અતિશય સંભાવના છે ઇઇઝેડમાં હાઇડ્રોકાર્બનના સંશોધન માટે ઘણા કરાર આપવામાં આવ્યા છે અને આ સંદર્ભે મંજૂરીઓ, ડેટા વહેંચણી વગેરે માટે આંતર-મંત્રાલય સંકલનની જરૂરિયાત છે. સંશોધન કરવા અને તકનીકી વિકસાવવા માટે યોગ્ય આર્થિક ખર્ચ તેમજ માનવ સંસાધનોની જમાવટ સાથે રોકાણને પ્રાથમિકતા આપવામાં આવશે. સ્થાનિક સંસ્થાઓ તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વચ્ચે વૈજ્ઞાનિક સહયોગને એકીકૃત અને મજબૂત બનાવવામાં આવશે. સુગમ સ્ત્રોતોનું ઉત્ખનન કરવા માટે એક માર્ગદર્શિકા વિકસાવવા માટે નેશનલ પ્લેશર મિશન શરૂ કરવાની પ્રસ્તાવના છે. હિંદ મહાસાગરમાં કોબાલ્ટ સમૃદ્ધ સી માઉન્ટ ફેરો મેંગેનીઝ ક્રસ્ટ (એસએફએમસી)ની શોધમાં પણ ભારત અગ્રેસર ભૂમિકા નિભાવશે. પર્યાવરણીય પ્રભાવ ઓડિટ સાથે સંભાવના અને ખાણકામ માટે યોગ્ય નીતિઓ પણ વિકસિત કરવામાં આવશે. 2023 સુધીમાં ભારત ઇઇઝેડનું અન્વેષણ કરવા પ્રતિબદ્ધ છે, અને આના અંતે, જો જરૂરી હોય તો, અન્ય ભાગીદારો સાથે મળીને, સમુદ્રના સૌથી ઉંડા સ્તરે જતા એક માનવસર્જિત સબમર્સિબલ વાહનના પ્રક્ષેપણની કલ્પના કરવામાં આવી છે ઉચ્ચ તકનીકી શિક્ષણમાં દરિયાઇ અર્થવ્યવસ્થા અને દરિયાઇ સંશોધન પરના અભ્યાસક્રમ પર ભાર મૂકતા ભારતના તકનીકી અને વૈજ્ઞાનિક કર્મચારીઓના સમુદાયને વધુ મજબૂત બનાવવામાં આવશે. ભારતે ખનિજો માટે ફાળવેલ વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય પાણીમાં સંશોધન પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ.

2.21 આપણા દરિયાઇ સંસાધનોની યાદી જીવંત અને નિર્જીવ અને સમુદ્રતલ સંસાધનો સહિત હાથ ધરવાની દરખાસ્ત કરવામાં આવી છે જેથી રાષ્ટ્રીય દરિયાઇ સંસાધન ડેટાબેઝ ઝડપથી બનાવી શકાય.

## *(G) મહાસાગર સુરક્ષા, વ્યૂહાત્મક પરિમાણો અને આંતરરાષ્ટ્રીય જોડાણો માટે એકીકૃત ફ્રેમવર્ક*

2.22 ભારત દરિયાઈ વિકાસને આગળ વધારવા, જૈવ-વિવિધતાને સુરક્ષિત રાખવા અને તેના વ્યૂહાત્મક હિતોના રક્ષણ માટે

તમામ સંબંધિત આંતરરાષ્ટ્રીય પક્ષો અને પ્લેટફોર્મ સાથે સર્વગ્રાહી રીતે જોડાશે. ભારતે એક મહત્વપૂર્ણ ઉભરતી આર્થિક અને વ્યૂહાત્મક અક્ષનો સ્વીકાર કર્યો છે જે આફ્રિકાના પૂર્વ કિનારેથી પશ્ચિમ પેસેફિક મહાસાગર સુધી ફેલાયેલી છે, જેને સેશેલ્સ-સિંગાપોર-સમોઆ (એસએસએસ)અક્ષ કહી શકાય છે.

2.23 ભારત કમિશન ઓફ દ લિમિટ ઓફ દ કોન્ટિનેન્ટલ શેલ્ફ (સીએલસીએસ), ઇન્ટરનેશનલ સીબેડ ઓથોરિટી (આઈએસબીએ), સમુદ્રના કાયદા પર યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન (યુએનસીએલઓએસ) હેઠળ દરિયાઈ કાયદાના ઇન્ટરનેશનલ ટ્રિબ્યુનલ (આઇટીએલઓએસ), અને અન્ય મહત્વપૂર્ણ વાટાઘાટો જેમકે રાષ્ટ્રીય ન્યાયક્ષેત્રોની બહાર જૈવવિવિધતા (બીબીએનજે) વગેરે અને અન્ય બહુપક્ષીય સંસ્થાઓ જેમકે, યુનેસ્કોનું આંતર સરકારી સમુદ્રવિષયક પંચના કામમાં નોંધપાત્ર યોગદાન આપે છે તેની ખાતરી કરવા માટે એક સારો માપાંકિત અભિગમ અપનાવવામાં આવશે. તેથી આ સંસ્થાઓમાં મજબૂત હાજરી આવશ્યક છે. ચાવીરૂપ ભાગીદાર દેશો સાથે આંતરરાષ્ટ્રીય ભાગીદારીની સાથે દરિયાઇ ક્ષેત્રોની જાગૃતિને મજબૂત બનાવવામાં આવશે ભારત 2015 માં સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ રિજિયન (સાગર) માં કલ્પના કરી હતી એ મુજબ હિંદ મહાસાગરની સલામતી માટે કામ કરવાનું ચાલુ રાખશે, જે દરિયાઇ પડોશીઓ સાથે દરિયાઇ અર્થવ્યવસ્થાની ભાગીદારીને વધુ ગહન બનાવશે. વિવિધ દરિયાઇ પડોશીઓની જરૂરિયાતોને પ્રકાશિત કરતી એક મધ્યમ ગાળાની યોજના તૈયાર કરવામાં આવશે જે વિકાસ સહાય લક્ષિત છે અને પરસ્પર અગ્રતા અનુસાર હોય. બીજું કે જયાં ભારત દરમિયાનગીરી કરશે તે, ડબ્લ્યુટીઓ પર ફિશરીઝ સબસિડી પર ચાલી રહેલ વેપાર વાટાઘાટ છે.

2.24 મલ્ટિલેયર સર્વેલન્સ અને હિંદ મહાસાગરમાં સુરક્ષાને ખાસ કરીને સ્થાનિક ઉત્પાદન અને પ્રાપ્તિ દ્વારા વધારવામાં આવશે દરિયા કિનારા અને દરિયાઇ સુરક્ષાને પણ મજબુત કરવામાં આવશે, જેના માટે રાજ્યોની ભાગીદારીમાં એક વ્યાપક યોજના ઘડાશે અને તેને અમલમાં મૂકવામાં આવશે.

### *(H) મહાસાગર શાસન*

2.25 નીતિના તમામ ઘટક પાસાં એકસુત્રીય સમુદ્ર શાસનના માળખા પર આધારિત છે જે બહુવિધ હિસ્સેદારો અને વહીવટી અધિકારીઓના અનેક સ્તરો અને દરિયાકાંઠાના સમુદાયો વચ્ચે સંકલન, સંદેશાવ્યવહાર અને સ્પષ્ટતાની ખાતરી આપે છે. સુસંગત રીતે ડ્રાફ્ટ નીતિને આગળ ધપાવી અને તેને કાર્યરત કરવાની જરૂર છે. આનાથી એકલ દોકલ કામ કરવાનું અને પ્રયત્નોની નકલ ટાળી શકાશે અને નીતિપૂર્ણ સંવાદિતા પ્રાપ્ત થશે. તદનુસાર, નેશનલ બ્લુ ઇકોનોમી કાઉન્સિલ નામની એપેક્સ બોડી (એનબીઈસી) સર્વગ્રાહી આયોજન અને અમલીકરણ માટે હાલની તમામ કુશળતા અને યોજનાઓને એક નિરિક્ષક એજન્સી હેઠળ લાવવા માટે સુયોજિત કરવાની દરખાસ્ત કરે છે.

## *બ્લુ ઇકોનોમી શાસકીય માળખું*

2.26 પ્રસ્તાવિત છે કે રાષ્ટ્રીય દરિયાઇ અર્થવ્યવસ્થા કાઉન્સિલ સ્થાપવામાં આવે, જે બધા સંબંધિત હિતધારકોને એકસાથે લાવે. એનબીઈસી ફ્રેમવર્ક સુસંગતતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, અન્ય તમામ સત્તાધિકારીઓ, ક્ષેત્રીય માળખાઓ અને ઉપર જણાવેલા વિષયોથી સંબંધિત નીતિઓ સમાવેશ કરવાની દરખાસ્ત કરે છે. એકબીજા સાથે જોડાયેલ સમસ્યા અને

નાણાકીય સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગને ધ્યાનમાં લેતા આ એક સંકલિત અભિગમમાં પરિણમશે. આ કાઉન્સિલ નીચેના કાર્યોમાં સુવિધા આપશેઃ -

i) સમયસર અમલીકરણ માટે દરિયાઈ અર્થવ્યવસ્થા યોજનાઓ, પ્રોજેક્ટ્સ અને લક્ષ્યોનું એકંદર મૂલ્યાંકન અને નિરીક્ષણ

ii) નીતિના ઉદ્દેશ્યોને પ્રોત્સાહન આપવા માટે માર્ગદર્શિકા / નિર્દેશો પ્રદાન કરવા.

iii) દરિયાઇ અર્થવ્યવસ્થા ક્ષમતા નિર્માણ, આંતરરાષ્ટ્રીય સહયોગના વિકાસમાં મંત્રાલયો / વિભાગોને માર્ગદર્શિકા / નિર્દેશો પ્રદાન કરવા.

iv) શુલ્ક નિયમન, ફિશરીઝ સબસિડી વાટાઘાટો અને નિયમનકારી મુદ્દાઓ, જ્યાં જરૂરી હોય ત્યાં માર્ગદર્શન / નિર્દેશો પ્રદાન કરવા.

વધુમાં, ભારતમાં વિશેષ સંગઠનાત્મક ફ્રેમવર્ક અથવા સંપૂર્ણ / વૈવિધ્યપૂર્ણ અપતટીય પ્રવૃત્તિઓ જેમકે સંશોધન, વાહનવ્યવહાર, સંગ્રહ ની પરવાનગી આપવા, ભાડાપટ્ટી, મૂલ્યાંકન અને દેખરેખ સંબંધિત નિયમો નથી. એમએનઆરઇ જેવા કેટલાક મંત્રાલયોએ આ કરવાનો પ્રયાસ કર્યો છે. આથી, ભારતમાં તમામ સમુદ્ર સંસાધનો-ખનિજો, ઉંડા સમુદ્રમાં માછીમારી સંસાધનો, અપતટીય ઊર્જા વિકાસ વગેરેના પર્યાવરણીય સંચાલન માટે એકીકૃત શાસન માળખું વિકસાવવાની તાત્કાલિક જરૂર છે. આ વિવિધ નિયમનકારી અને શાસન અભિગમો સાથે મંત્રાલયો અને રાજ્ય સરકારો વચ્ચે સંકલનને સક્ષમ બનાવશે અને આંતરરાષ્ટ્રીય અનુભવોને ધ્યાનમાં લેશે. સૂચિત એનબીઇસી માટે આ એક મહત્વપૂર્ણ જવાબદારી હશે.

2.27 આ સંસ્થા સર્વોચ્ચ હશે જે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારોના વિવિધ હિસ્સેદારો વચ્ચે યોજના પ્રક્રિયાને એકીકૃત કરશે તેમાં ઉદ્યોગ, સંશોધન સંસ્થાઓ અને નીતિ હિમાયત જૂથોના પ્રતિનિધિઓ પણ શામેલ હશે.

કાઉન્સિલના સભ્યોમાં પૃથ્વી વિજ્ઞાન, વિદેશી બાબતો, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન, નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા, ખાણો, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, મત્સ્યોદ્યોગ, વિજ્ઞાન અને તકનીકી, પર્યટન, સંરક્ષણ, વાણિજ્ય, શિપિંગ, નાણાં અને એનએસએના મંત્રીઓ હોય શકે છે. વધુમાં, નીતિ આયોગના વાઇસ ચેરમેન સાથે દરિયાકાંઠાના રાજ્યોના મુખ્ય મંત્રીઓ પણ સભ્ય હશે ફિક્કી (FICCI), એસોચેમ (ASSOCHAM) અને સીઆઈઆઈના મંત્રીઓ આમંત્રિત અને સચિવ પણ હોઈ શકે છે, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય સભ્ય-સચિવ હોઈ શકે છે.

કાઉન્સિલ એ વર્ષમાં ઓછામાં ઓછા એક વખત મળવા માટે આવશ્યક મુદ્દાઓ પર ચર્ચા કરવા, યોજનાઓ અને વ્યૂહરચનાઓને મંજૂરી આપવા તેમજ સિદ્ધિઓની સમીક્ષા કરવાની જરૂર રહેશે.

2.28 એક કારોબારી સમિતિની જરૂર વિવિધ એક્શન પોઇન્ટના અમલીકરણ માટે પડશે જે મંત્રાલયો અને રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતા પ્રોજેક્ટ્સના આયોજન, સંકલન અને દેખરેખ માટે જવાબદાર રહેશે. તદનુસાર, કાઉન્સિલ તેની કારોબારી સમિતિ દ્વારા કામ કરશે કે જેની અધ્યક્ષતા એમઓઈએસ મંત્રીની હોય, સાથે નીતિ આયોગના સીઈઓ સહ અધ્યક્ષ અને સચિવ, સભ્ય-સચિવ તરીકે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હોય. નાણાં મંત્રાલયોના સચિવો (ખર્ચ વિભાગ), વિદેશી બાબતો, નવી અને નવીનીકરણીય ઊર્જા, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, મત્સ્યોદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યટન, સંરક્ષણ, શિપિંગ, વાણિજ્ય અને દરિયાકાંઠાના રાજ્યોના સંબંધિત મુખ્ય સચિવો, એનએસએના

પ્રતિનિધિ અને સંબંધિત ઉદ્યોગ સંગઠનોના વરિષ્ઠ પ્રતિનિધિઓ સભ્યો હોય શકે છે.

કારોબારી સમિતિમાં નીચેની સંદર્ભની બાબતો હોઈ શકે છે.

(i) નેશનલ બ્લુ ઇકોનોમી કાઉન્સિલની ભલામણોના અમલીકરણમાં મંત્રાલયો / વિભાગોને સગવડ અને સહાય કરવી

(ii) મંત્રાલયો અને રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતા પ્રોજેક્ટનું આયોજન, સંકલન અને દેખરેખ હાથ ધરશે

(iii) દરિયાઇ અર્થવ્યવસ્થામાં ક્ષમતા બનાવવા, આંતરરાષ્ટ્રીય સહયોગના વિકાસમાં મંત્રાલયો / વિભાગોને ટેકો પૂરો પાડશે

(iv) જ્યાં જરૂરી હોય ત્યાં, શુલ્ક નિયમન, મત્સ્યોદ્યોગ સબસિડી વાટાઘાટો અને નિયમનકારી સમસ્યાઓમાં મંત્રાલયો / વિભાગોને સુવિધા આપશે.

આ સમિતિ પાસે, જયારે જરૂરિયાત હોય ત્યારે, વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત મળવાની અપેક્ષા રાખવામાં આવે છે. કાઉન્સિલ પાસે યોગ્ય વરિષ્ઠતા પદ અને અનુભવના નિયુક્ત ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) હશે. આમછતાં, નીતિના માળખાને અંતિમ રૂપ આપતા પહેલા એમઓઈએસ સાથે મસલત કરીને સૂચવેલા કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કમિટીની આવશ્યકતાનું મૂલ્યાંકન કરી શકાય છે.

## *નેશનલ બ્લુ ઇકોનોમી ફંડ (એનબીઇએફ)*

2.29 એનબીઇસી હેઠળ વિવિધ પહેલના અમલ માટે બ્લુ ઇકોનોમી ફંડ ભાગ લેનારા મંત્રાલયો / વિભાગોની વહીવટી ગોઠવણી દ્વારા અથવા એનબીઇસીની ગવર્નિંગ કાઉન્સિલના વહીવટી નિયંત્રણ હેઠળ એકલા બજેટવાળી વસ્તુ તરીકે સ્થાપિત કરવામાં આવશે. તેનો ઉદ્દેશ ભારત માટે વ્યૂહાત્મક મહત્વના ક્રોસ કટીંગ પ્રોજેક્ટ શરૂ કરવા અને તેને ટેકો આપવાનો છે.

## *મધ્યમ ગાળાના ઉદ્દેશો*

સમસ્યાઓ સમય જતાં વધશે, જો કે, મધ્યમ ગાળામાં નીચેના કાર્યવાહીયોગ્ય સમસ્યાઓની અસ્થાયી કલ્પના કરવામાં આવે છે

## *દરિયાઇ અર્થવ્યવસ્થા કાયદો*

**2.30** મધ્યમ ગાળામાં દરિયાઈ અર્થવ્યવસ્થા માટે યોગ્ય કાયદાકીય માળખું ઘડવાની જરૂર રહેશે. જરૂરિયાતોની આકારણીના આધારે, વિકાસ, નિયમન અને પાલન સુનિશ્ચિત કરવા માટે સંબંધિત મંત્રાલયો સાથે સંકળાયેલ એક વ્યાપક કાયદાકીય કાયદો અને / અથવા વિશિષ્ટ કાયદાઓની સમીક્ષા, સુધારણા અથવા કાયદો ઘડી શકાય છે. આમછતા, નજીકના સમયમાં, સૂચિત નીતિ માળખું એનબીઇસી જેવા મંડળના સંસ્થાકીય કાર્યને મંજૂરી આપવા માટે પૂરતું હોવું જોઈએ. સીએમએસપી માટે ભાવિ કાયદા અંગે વિચારણા થઈ શકે છે જેના માટે એનબીઇસી વહીવટી મંડળ હોઈ શકે છે.

## સુધારાકીય ક્ષમતાઓ

**2.31** દરિયાઈ અર્થવ્યવસ્થાને મહત્વપૂર્ણ વિકાસ અને રોજગાર વધારના તરીકે જોવું જોઈએ. આનાથી તેના ઘટક ક્ષેત્રોને પહોંચી વળવા કૌશલ્યમાં પૂલમાં જરૂરી ક્ષમતાઓ ઉત્પન્ન કરવાની આવશ્યકતા ઉભી થાય છે. આ માટે દરિયાઇ અર્થવ્યવસ્થા લક્ષીના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમો બનાવવાની જરૂર પડશે. એની સાથે, યુનિવર્સિટીઓ અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ જેમકે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફી સાથેના વિવિધ ક્ષેત્રમાં પ્રતિભા રોજગારી આપવા માટે જોડાણો સ્થાપિત કરવાની જરૂર છે. દરિયાઈ અર્થવ્યવસ્થા વિવિધ ક્ષેત્રો માટે દેશમાં જરૂરી માનવ સંસાધન કુશળતા, અને વિવિધ સ્તરોએ વિકસાવવાની યોજના ઘડવાની જરૂર છે, નવી શિક્ષણ નીતિના માળખામાં દરિયાઈ અર્થવ્યવસ્થા પર નવો અભ્યાસક્રમ વિકસિત કરવાની સાથે. આ શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયો દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી શકે છે.

## સ્વચ્છ ભારત થી સ્વચ્છ પૃથ્વી, સ્વચ્છ સાગર

2.32 માનનીય વડા પ્રધાન દ્વારા 2જી ઓક્ટોબર, 2014ના રોજ શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) વિશ્વનું સૌથી મોટું સ્વચ્છતા, કચરો વ્યવસ્થાપન અને વર્તન પરિવર્તનનો પ્રોગ્રામ છે. તે પહેલાથી જ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં નોંધપાત્ર રીતે અસર કરી ચૂક્યુ છે.

આજે દરિયાઇ પ્રદૂષણ એ મહાસાગરોના સ્વાસ્થ્ય માટે સૌથી મોટુ જોખમ છે. લગભગ 80% દરિયાઇ પ્રદૂષણ ખાસ કરીને દરિયાકાંઠાના શહેરો અને સમુદાયો દ્વારા જમીન આધારિત સ્ત્રોતોમાંથી થાય છે. તેથી, સ્વચ્છ ભારતના અભિગમ અને અમલીકરણને 'સ્વચ્છ પૃથ્વી, સ્વચ્છ સાગર'ની કલ્પના સુધી વિસ્તૃત કરવું એ હાલના સમયની જરૂરિયાત છે. આ માનવ અને ઔદ્યોગિક કચરા વ્યવસ્થાપન વ્યૂહરચના માટે એક અનન્ય અને સાકલ્યવાદી વિઝન લાવશે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં જમીન અને પાણી આધારિત હસ્તક્ષેપો વચ્ચે એકરૂપતા પ્રાપ્ત કરવા માટે. જે આવું વિઝન બનાવનાર તરીકે ભારતને વૈશ્વિક પ્રથમ રાષ્ટ બનાવશે. પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન, શહેરી વિકાસ અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયોને આ અનન્ય અભિગમને લાગુ કરવા માટે રાજ્ય અને સ્થાનિક સરકારો અને દરિયાકાંઠાના સમુદાયો સાથે ભાગીદારી કરવાની જરૂર પડશે.

## સારાંશ

2.33 ડ્રાફ્ટ પોલિસીનો હેતુ આગામી પાંચ વર્ષમાં દરિયાઈ અર્થવ્યવસ્થાનો ભારતની જીડીપીમાં ફાળો નોંધપાત્ર રીતે વધારવાનો, દરિયાકાંઠાના સમુદાયોના જીવનમાં સુધારો કરવાનો, આપણી દરિયાઇ જૈવવિવિધતાને જાળવી રાખવાનો અને આપણા દરિયાઇ વિસ્તારો અને સંસાધનોની સુરક્ષા જાળવવાનો છે. આજે, દરિયાઈ આર્થિક વ્યવસ્થા આર્થિક વિકાસ અને સુખાકારી વધારવા માટે પ્રતિબદ્ધ છે, એ શરતે કે વ્યૂહરચના સ્થિરતા અને સામાજિક-આર્થિક કલ્યાણને કેન્દ્રમાં રાખવામાં આવે. તેથી, દરિયાઈ આર્થિક વ્યવસ્થા નીતિ વિકસાવવા માટેનો સૂચિત રોડમેપ આર્થિક વિકાસ અને કલ્યાણની સંભાવનાને અનલોક કરવા તરફ એક નિર્ણાયક પગલું હશે.

